EDII

Sandesh

February 17, 2024
Page No. 3
of Citylife

# મહિલા કારીગરોને માર્કેટ એક્સેસ, પ્રોડક્ટ ડેવલપમેન્ટ-ટેક્નોલોજી માટે પ્લેટફોર્મ અપાશે

## EDIIના ફ્લેગશિપ વીએક્ટ પ્રોગ્રામે ગુજરાત સરકારના કુટિર અને ગ્રામીણ ઉદ્યોગ કમિશનર કચેરી સાથે Mou કર્યા




**સિટી લાઈફ ।** આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ), અમદાવાદના વીએક્ટ પ્રોગ્રામે સમાવેશક વિકાસ અને સામાજિક-આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સરકારના કુટિર અને ગ્રામીણ ઉદ્યોગ કમિશનર કચેરી સાથે એમઓયુ કર્યો છે. ગુજરાતના કુટિર ઉદ્યોગમાં આર્થિક વિકાસને વધારવા, સ્થાનિક કારીગરોને સશક્ત કરવા તથા ટકાઉ પ્રથાઓને આગળ ધપાવવા માટે આ સહયોગ કરવામાં આવ્યો છે. ગુજરાત સરકારના કુટિર અને ગ્રામીણ ઉદ્યોગ કમિશનર અને સેક્રેટરી આઈએએસ પ્રવીણ સોલંકી, ગુજરાત સરકારના કુટિર અને ગ્રામીણ ઉદ્યોગના અધિક નિયામક હેતલ પટેલ, એસેન્ચરના સીએસઆર મેનેજર ડેનિયલ થોમસ અને ઈડીઆઈઆઈના ડિપાર્ટમેન્ટ ઓફ પ્રોજેક્ટ્સ-કોર્પોરેટના ડિરેક્ટર ડો. રમણ ગુજરાલની હાજરીમાં આ એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.આ સહયોગ હેઠળ ગુજરાત સ્થિત મહિલા કારીગરોને એસેન્ચર સમર્થિત વીએક્ટ પ્લેટફોર્મ દ્વારા માર્કેટ એક્સેસ, પ્રોડક્ટ ડેવલપમેન્ટ અને નેટવર્ક તથા ટેક્નોલોજીનો લાભ સુનિશ્ચિત કરવામાં આવશે. વીએક્ટ એ મહિલા ઉદ્યોગ સાહસિકોનું પ્લેટફોર્મ છે જેનો ઉદ્દેશ્ય હસ્તકલા સેતુ પ્રોજેક્ટમાં નોંધાયેલી કારીગરોને તેમનો વ્યવસાય વધારવા અને રાષ્ટ્રીય બજાર સુધીની પહોંચ મેળવવા માટે સક્ષમ બનાવવાનો છે.

**વીએક્ટ ભારતભરમાં ૧૩,૪૦૦થી વધુ મહિલા ઉદ્યોગ સાહસિકો સુધી પહોંચી છે**

વીએક્ટે ભારતભરમાં ૧૩,૪૦૦થી વધુ મહિલા ઉદ્યોગ સાહસિકો સુધી પહોંચી છે અને કારીગરો તથા વણકરો માટે બજારને નોંધપાત્ર વધાર્યું છે. ગુજરાત સરકારના કુટિર અને ગ્રામીણ ઉદ્યોગના કમિશનર તથા સચિવ આઈએએસ પ્રવીણ સોલંકીએ કહ્યું કે, ગુજરાત સરકારના કુટિર અને ગ્રામીણ ઉદ્યોગ વિભાગ તથા વીએક્ટ વચ્ચેની ભાગીદારી રાજ્યના કારીગરો અને વણકરોના કલ્યાણ માટેની દૃઢ પ્રતિબદ્ધતાનું પ્રમાણ છે.